સાલ : ૨૨ / સિલસિલાવાર નંબર : ૧૮૨ / શુમારો : ૨

કુલ પાના - ૧૬

MISHKAAT UL HAADI

નાશિર : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા.

રબીઉલ અવ્વલ - રબીઉલ આખર ૧૪૪૬ / સપ્ટેમ્બર - ઓક્ટોબર ૨૦૨૪

## અહમદાબાદ શહેરની બુનિયાદ

તારીખે ફરિશ્તામાં એમ બયાન આવેલું છે કે, સુલ્તાન ફિરોઝશાહ ખિલ્જીએ દિલ્લીથી ફરહતુલ મુલ્કને કે જેને નિઝામશાહ મુફર્રેહ પણ કહે છે, સિપેહસાલાર અને ગુજરાતનો સુબેદાર-હાકિમ બનાવીને મોકલો. પછી દિલ્લીમાં ફિરોઝશાહ વફાત થયો અને એની જગા પર એનો દીકરો મોહંમદશાહ કાઈમ થયો. નિઝામશાહની પકડ ગુજરાત પર ખૂબ મઝબૂત થાતી ગઈ. વક્ત જાતા નિઝામશાહ એના બાદશાહ મોહંમદશાહનો નાફરમાન બની ગયો.

સબક શીખાવવા અને બદલો લેવા મોહંમદશાહ દિલ્લીમાં કમરબસ્તા થયો. એં પોતાના અમીરોમાંથી એક, ખૂબ ચાલાક ઝફરખાન વજીહુલ મુલ્કને ૭૯૩ હિ. માં ગુજરાત રવાના કીધો. ઝફરખાને મોટું લશ્કર જમાએ કીધું અને પૂરી તાકતને સાથે પાટણ તરફ કૂચ કીધી. પાટણથી થોડા ફાસલા પર કાનથૂં ગામને નઝદીક પડાવ નાંખો. તે જગા પર ખુલ્લા મોટા મૈદાનમાં નિઝામશાહ અને ઝફરખાન દરમિયાન સખ્ત જંગ થઈ. આખિરકાર ઝફરખાન કે, જે પછી મુઝફ્ફરશાહથી મશ્હૂર થયો તે ગુજરાતનો વાલી બનો અને પાટણમાં જ મુકીમ રહ્યો. પાટણ તે વક્ત ગુજરાનતું પાયએ તખ્ત હતું.

વક્ત ગુઝરતા મુઝફ્ફરશાહનો દીકરો મોહંમદશાહ અને પછી મોહંમદશાહનો દીકરો અહમદશાહ ગાદી પર બેસો, યાઅની સૂબએ ગુજરાતનો વાલી અને સુલ્તાન બનો. એં સાબરમતી નદીના કિનારે ૮૧૫ હિ. માં એક ગામ વસાવું જેનું નામ **અહમદાબાદ** રાખું. અહમદશાહે તેમાં મુખ્તલિફ મઝહબોના લોગોને વસાવા, વક્ત ગુઝરતા તે એક શહેરની શિકલમાં તબ્દીલ થયું અને ગુજરાતનું પાયએ તખ્ત બનું. ✯

## સૈયેદી વ મૌલાઈ આદમ બિન મૌલા સુલૈમાન બિન મસઊદ અન-નહેરવાલી (રિ.અ.)

મૌલાઈ આદમ (રિ.અ.) નિરાલી શાનના સાહેબ હતા. નહેરવાલા યાઅની પાટણ શહેરના સાકિન-રહેનાર હતા. ૧૫ માં દાઈએ મુત્લક અલ-યમાની સૈયેદના અબ્બાસ બિન સૈ. મોહંમદ (આ.કુ.) ના ઝમાને મુબારકમાં હતા. આ ઝમાન ૭૫૦-૭૮૦ હિ. ના દરમિયાનનો હતો કે, જે વક્ત હિંદના મવાલીએ તાહેરીન (રિ.અ.) માં મૌ.આદમ સાહેબ, મૌ.હસન ફીર સાહેબ અને મૌ.દાઊદ બિન મૌ.અલી, એમ ત્રણ બલંદ-પાયા શખ્સીયતો શામિલ છે.

હિંદના વાલી મૌ. અલી બિન મૌ.ઈસ્હાક (રિ.અ.) એ આ ત્રણે મૌલાઈઓને ઈલ્મો હિકમતની દૌલતથી નવાઝા. દાઅવતે હાદીયહના આઅરાફ અને આઅલામને બલંદ કીધા. જેમ ઉપર ઝિક્ર થઈ કે, ૮૧૦ હિ. માં સુલ્તાન અહમદશાહે અહમદાબાદ શહેર આબાદ કીધું અને તેની તાઅમીર ૮૧૫ હિ. માં પૂરી કીધી હતી. સુલ્તાનને ખબર હતી કે, **બોહરા કૌમ ઇલ્મો તરબીયતમાં, વફાદારીમાં, વેપારમાં આઅલા મિસાલ રાખે છે.** અહમદાબાદની તરક્કી વાસ્તે આ કૌમ અહમ કિરદાર અદા કરી શકે છે.

(બકીયહ પેજ નં. ૨ પર)

**કડી મહેનતથી કમાયેલો માલ પાકીઝા હોય છે.**

(પેજ નં. ૧ નું બાકી)

લેહાઝા, સુલ્તાને વાલીએ હિંદ મૌ.અલીને તલબ કરીને અરઝ કીધી કે, "અય સાહેબ ! આપ બોહરા જમાઅતના રઈસે કૌમ છો. મારી એવી ખુશી છે કે, જો આપ ચાહો તો આપની જમાઅતમાંથી ચંદ બાવફા આઅયાન-અસ્હાબ ને આપ મારા નવા વસાવેલા શહેર અહમદાબાદમાં મુકીમ થાવાની રગબત અપાવો. તાકે આપ લોગોની હાઝિરીથી **મારા શહેરની રોનક ઝિયાદહ થાય, વેપારથી તરક્કી થાય અને મોહલ્લાઓ આબાદ થાય.**"

આપ મૌલાએ સુલ્તાનની અરઝને કુબૂલ કરીને મૌ.આદમને અહમદાબાદ મોકલા. તેમાં હક્કની દાઅવતની હાઝિરીથી તે ચોતરફથી વસીઅ થયું અને ખૂબ-ખૂબ આબાદ થયું. મૌ.આદમની કોશિશથી અને રોઝીની કુશાદગીથી ઘણા મુમેનીન મુકીમ થયા અને મોહલ્લાઓ આબાદ થયા. અહમદાબાદ અને તેના અતરાફના ગામોની રઝા આપને સિપૂર્દ કરવામાં આવી. આપના બાદ બે આઅલા સાહેબો પાટણથી અહમદાબાદ તશરીફ લાવા. તેમાં ખ્વાજા કલાન (રિ.અ.) અને શૈખ ઈસા મુંજાલ (રિ.અ.) શામિલ છે. આ બે સાહેબો એ મૌ. આદમ સાથે મિલીને દાઅવતે હાદીયહની દિલો જાનથી ખિદમત કીધી અને હક્કના પરચમને અહમદાબાદમાં બલંદ કીધા. **મૌ. આદમે ઘણા વરસો તક વાલીએ અહમદાબાદના મન્સબ પર રહીને મુમેનીનને દાએરએ ઇમાનમાં સાચવી રાખા.**

મૌ.અલીએ મૌ.હસન ફીર સાહેબને વાલીએ હિંદ કાઈમ કીધા. એમ વસીયત કીધી કે, જે વક્ત આપનો આખિરી વક્ત આવે તો દાઈયુલ્લાહિલ અમીનની રઝાથી હિંદના દાઅવતની લુગામ મૌ.આદમ ને સિપૂર્દ કરી દે જો. ૭૯૫ હિ. માં મૌ.હસન ફીર સાહેબની શહાદત વાકેઅ થઈ તો બહુક્મે દાઈએ યમાની ૧૬ માં અલ-મૌલા અલ-ફાતેમી સૈ. અબ્દુલ્લાહ ફખરૂદ્દીન સાહેબ, મૌ.આદમ વાલીયુલ હિંદે વસ સિંદના મન્સબ પર ફાઈઝ થયા. યાઅની કે, હિંદ અને સિંદ બેવે જઝીરહના દાઅવતે હાદીયહના ઊમૂરના આપ માલિક થયા.

આપની સરપરસ્તીમાં સૂબએ ગુજરાતમાંથી ચોતરફથી મુમેનીન અહમદાબાદમાં વસતા ગયા. આપે મુમેનીનના અત્ફાલ-બચ્ચાં વાસ્તે અને સાથે જવાનોની તાઅલીમો તરબીયત વાસ્તે મદ્રસહનો એહતેમામ કીધો. જમાઅતના પરહેઝગાર બૈરાઓને દીકરીઓની પાકી-શાફીની તાઅલીમ વાસ્તે આમાદહ કીધા. **આપની ઇલ્મી બરકાતથી તમામ સઆદત પામા.** સુકૂનો તરકકીનો ઝમાનો હતો. મુમેનીન બવાહિરના નામથી મશ્હૂર થયા, વહેવાર અને વેપાર ના લોગો તરીકે માઅરૂફ થયા. અમાનતદારી અને દિયાનતદારીના જૌહર થી લોગોમાં નિરાલી શનાખ્ત કાઈમ થાવા લાગી. મુસ્લેમીન અને મુશ્રેકીન ના નઝદીક યકસાઁ અહલે બવાહિર અહલે એતેબાર બની ગયા.

અહમદાબાદના બેશુમાર મૌલાઈઓમાં આપ મૌ.આદમ તમામ કરતા અવ્વલ હતા. આપ હિંદની ઝમીનના જૌહર હતા. દાઅવતના ઈલ્મો હિકમતના આપ યાકૂત હતા. આપની કોશિશના સબબ દીને હક્ક કાઈમ થયું, મસ્જિદો આબાદ થઈ, મુમેનીનના ઘરો બાબરકત થયા, વેપાર-રોઝગાર કુશાદા થયો. અલ્લાહતઆલાએ આપને ઉમ્રમાં દરાઝગી બખ્શી હતી, તાકે આપ ૮૦ સાલની ઉમ્રે તવીલ તક પહોંચા. આપના આખિરી વક્તમાં **જાઅફર પટણી ની ફિત્નતની આગ** ભડકી. મુમેનીન પર મોટી મુસીબત આવી પડી હતી. દીને હક્ક છોડીને એ નાસિબી બની ગયો હતો. પૂરા ગુજરાતમાં એણે ઘણી ખરાબી કીધી. અક્લના કમ્ઝોર લોગો એની જૂઠી વાતોમાં આવીને ગુમ્રાહ થઈ ગયા હતા.

(બકીયહ પેજ નં. ૬ પર)

**હલાલ રોઝીથી કીધેલો સદકો પાકીઝા હોય છે.**

# ૧૪ માં ફાતેમી ઈમામે હક્ક મૌ.અલ-મોઈઝ (અ.સ.) ની મજલિસ

હમારા ૧૪ માં ફાતેમી ઈમામ મૌ.મઅદ્દ અલ-મોઈઝ લેદીનિલ્લાહ (અ.સ.) મિસિરમાં ૩૬૦ હિ.ને અન-કરીબ એક મજલિસમાં ફરમાવે છે કે, "તમેં સઘલા ઈન્સાન છો, મખ્લૂકાતમાં અશરફ છો. આ ઈન્સાનોમાં પણ ખુદાતઆલાએ તમને આઅલા અને અફઝલ કીધા છે. તેનો એક જ સબબ છે કે, તમેં ઈમાનદાર છો. બીજા આમ લોગો કરતા તમાર ઉપર મોટી ઝિમ્મેદારી છે. તમારા પર ઔલિયાઉલ્લાહની મોહબ્બત કરવું વાજિબ છે. હમેં ખુદાના વલીઓ છીએ. **હમારાથી જ તમેં ઇમાનદાર છો.** હમારી મોહબ્બતથી તમેં આપસમાં એકબીજા સાથે મોહબ્બત કરશો. કુરઆને કરીમની સનદથી તમને કરવી જ જોઈએ. અદાવત કરવું શયતાનનું કામ છે. શયતાન તમારો ખુલ્લો દુશ્મન છે, તેને પહેચાનવું પણ ઈમાનનો એક હિસ્સો છે."

"તમારા માંથી કોઈ એક મુમિન બીજા મુમિનને મોહબ્બત કરે, એના કામને આસાન બનાવી લે, તો એ દરજાતમાં ખૂબ બલંદ થાય છે. આવા મુમિનની સિફતો ઘણી છે કે, જેની બયાની ખુદાતઆલા કુરઆને કરીમમાં તફસીલથી કરે છે." જે લોગો ઈમાન લાવે છે, હિજરત કરે છે, ખુદાની રાહમાં પોતાના માલને અને જાનને કુરબાન કરે છે, જેહાદ કરે છે, મુમેનીનને મજલિસોમાં જગા કરી આપે છે, મદદ કરે છે, એમને દોસ્ત બનાવે છે, તેઓ વાસ્તે મગફેરત છે અને મોટો અજર છે, નૈક બદલો છે." "એવા પણ લોગો છે જેમાં નામનું ઈમાન છે, તેઓ ખુદાના ઔલિયાને સાથે હિજરત નથી કરતા, જંગ-જેહાદ વાસ્તે બહાના બનાવે છે, મોહબ્બત કરે છે તો ગરઝ-મતલબથી, **તેઓમાં કોઇ જ બરકત નથી અને તેઓની દોસ્તી વફાદારી પર નથી.**"

તમેં તમારા દીનને સાચવો અને તે વાસ્તે તમેં મદદ કરો. દીન હમારો મીસાક છે. આ મીસાકને સાચવવા વાસ્તે તમેં તમારા ભાઈની મદદ કરો. તમેં અને તમારા ભાઈઓ દરમિયાન જે એક મોટામાં મોટો રિશ્તો છે, તે મીસાક છે. આ મીસાકના સબબ તમેં સઘલા હમારા પાછલ એક સાથે દીનના અરકાનને પૂરા કરો છો. હમને આપેલા મીસાકના લીધે ખુદા અને તેના રસૂલ તમારા અમલો તરફ જોશે. નહીં તો બારગાહે ઈલાહીમાં કોઈ અમલ કુબૂલ થાશે નહીં."

"તમેં જેમ એકબીજાના દોસ્ત હોવ છો, તેમ કાફિરો પણ એકબીજાના દોસ્ત હોય છે. તેઓનું એક મોટું ઝૂંડ અને ગિરોહ બને છે. મુમેનીન સામે એક મોટી તાકત બાતિલપરસ્તોની તૈયાર થાય છે. પણ તે થોડા જ વક્ત વાસ્તે હોય છે. તેઓ ઝમીનમાં ફિત્નો ફેલાવે છે, ફસાદ બરપા કરે છે. કમ્ઝોર ઈમાનવાલાને નિશાનો બનાવે છે અને ખૈર ચીઝો કરવામાં રૂકાવટો પૈદા કરે છે. તમારા ઈમાનની તાકત આ લોગોના કુફ્ર કરતા ખૂબ વધારે છે. તમેં તમારી અક્લ અને અમલથી આ લોગો નો મુકાબેલો કરજો. **એ લોગોનો આસરો જૂઠ છે અને તમારો આસરો સચ્ચાઇ છે.**"

"તમારા વાસ્તે ખુદાતઆલાએ મુઆફી અને ભલી રોઝી લિખી દીધેલી છે. તમારા દરમિયાન બે તરહના લોગો છે. એક તેઓ જે હમારી નિદાને લબ્બૈક કહીને ફૌરન હમારી દાઅવતનો જવાબ આપે છે. ઈમાનને કામિલ રાખવા હમારી ખિદમત તરફ દોડી આવે છે. હમારા સાથે સફર પર જાવું અને હમારા દુશ્મનોને ઓલખીને તેઓ સાથે જેહાદમાં ઉતરી જાવું, તેઓના આઅમાલમાં અફઝલમાં અફઝલ કામ શુમાર થાય છે."

"પણ તમારા માંથી બીજી તરહના લોગો પણ છે, જેઓ હમારા દુશ્મન બિલકુલ નથી. હમારી મોહબ્બતમાં પણ કમી નથી રાખતા. શરીઅતના અરકાનને પણ નિભાવે છે. **મગર ચંદ આઅમાલમાં તાખીર કરી બેસે છે.**

(બકીયહ પેજ નં. ૧૨ પર)

**કામિલ નિય્યતથી પઢેલી નમાઝ પાકીઝા હોય છે.**

## ૯ બુરી ખસલતો

ખેર હોવાથી યા તેને કરવાથી યા તે મુજબ સોચવાથી ખુશી મહેસૂસ થાય છે. એક દિલી રાહત મિલે છે. ખૈરને અપનાવવામાં કોઇ નુકસાન નથી, ખતરો નથી. ખુદને વાસ્તે યા બીજાને વાસ્તે મુસીબત અને તકલીફ તે વક્ત ઊભી થાય છે કે, હમેં ખૈરને દરકિનાર મુકી દઇએ છે. તેને છોડીને ગલત રાહને પકડી લઇએ છે. આ ગલતીમાં હમારો મતલબ, બેશરમી, ગરઝ, લાલચ, ચોરી, શહેવત, શોહરત, તકબ્બુરી, હસદ છુપાયેલો હોય છે. **આ તમામ ચીઝો શર-ખરાબીની ઔલાદ છે.**

**૯ બુરી-ખરાબ ખસલતોને** જે હમેં જાણીએ છે, જે હમને ગમતી નથી, શરમ આવે છે, તે છે : (૧) તંગદિલી, (૨) કંજુસાઇ, (૩) ગુસ્સો-ગઝબ-ઊતાવલયાપણું, (૪) નાદાની-બચપણું-રમતબાઝી, (૫) અદાવત-દુશ્મની, (૬) જુઠ, (૭) બીમારી, (૮) ફહેશકારી-ગીબત-ઈલ્ઝામ અને (૯) તૈશ-ઝુલ્મ. આ બુરી ચીઝો હમારામાં બદતરીન અખ્લાક પૈદા કરે છે. હમને આદમીના દાએરામાંથી નિકાલી ઈબ્લીસી સિફતના બનાવી દે છે. આમ તૌર પર આ તરહની બુરાઈઓ હમેં હમારામાં અને બીજા ઘણા લોગોમાં જોઈએ છે. તે વાસ્તે હમેં તેને દૂર કરવા બહુ કમ તસ્દીઅ લઈએ છે, ફિકર કરીએ છે.

મગર જો આ બુરી ખસલતો **૯ મખ્સૂસ શખ્સોમાં** હોય તો તે ઘણી જ ફિકરઅંગૈઝ, શરમનાક અને નાકાબિલે કુબૂલ બિના છે :

(૧) **બાદશાહ** હોય, સુલ્તાન હોય યાઅની એના હાથમાં રાજાશાહી હોય, હુકૂમત હોય અને હઝારો લોગો, ઝમીનો ની ઝમીનો જો એના કબ્ઝામાં હોય, અને જો એ **તંગદિલ** હોય, મુઆફ કરનારો ના હોય, બીજાના ખૈર મશ્વરાને સાંભલનાર ના હોય, રહેમ કરનાર ના હોય, તો આ એના વાસ્તે ખૂબ જ બુરી બિના છે.

(૨) **માલદાર** હોય, સાહેબે દૌલત હોય, અલ્લાહતઆલાએ એના ઝર-ઝૈવરથી દરબાર ભરેલા હોય, કોઈ ચીઝની એને પાસે કમી ના હોય, રસાઇ-પહોંચ એવી કે પોતે તેના પર નાઝ કરતો હોય, અને જો એ **કંજુસ** હોય, દોલતનો ફૈઝ ઝરૂરતમંદોમાં જારી ના કરતો હોય, હાથ ખેંચીને રાખતો હોય, તો આ એના વાસ્તે ખૂબ જ બુરી બિના છે.

(૩) **આલિમ** હોય, જાણકાર હોય, હુશિયાર-ચાલાક હોય, સોચ-વિચાર કરવાની તાકત રાખતો હોય અને જો એ જોશમાં હોશ ખોનારો હોય, વારંવાર **ગુસ્સે થાનારો** હોય, નાની-નાની વાતો પર બીજા પર ગઝબનાક થાનારો હોય, જલ્દબાઝીથી કામ કરનારો હોય, બેવક્ત કોઈ કામને અંજામ આપનારો હોય, તો આ એના વાસ્તે ખૂબ જ બુરી બિના છે.

(૪) **ઝઇફ** હોય, ઉમ્રરસીદા હોય, બુઝુર્ગીના આલમમાં હોય, માથાના અને દાઢીના બાલ સફેદ થઈ ચુકા હોય, અને જો એ **નાદાની કરતો** હોય, બચ્ચાં જેવી હરકતો કરતો હોય, રમતબાઝીમાં કોઈ અહમ વાતને હલકી પાડતો હોય, એની વાતો હસીં-મઝાકને સહારે હોય, તો આ એના વાસ્તે ખૂબ જ બુરી બિના છે.

(૫) **સરદાર** હોય, રઈસે કૌમ હોય, ઘણા લોગો એના કહ્યામાં હોય, લોગો એની ભરાવદાર શખ્સીયતના સબબ એના રોઅબ અને હૈબત માં હોય, અને જો એ **અદાવત કરનાર** હોય, રિશ્તાઓ તોડનાર હોય, લોગોમાં બિગાડ અને કડવાશ પૈદા કરનાર હોય, દિલોમાં દૂરી બનાવનાર હોય, તો આ એના વાસ્તે ખૂબ જ બુરી બિના છે.

(૬) **કાઝી** હોય, ફેંસલો કરનાર હોય, ઈન્સાફની કુરસી પર બેસનાર હોય, લોગો પોતાના કઝીયહ-ઝઘડા જેના પાસે લઈને આવતા હોય, બેગુનાહોંને જેનાથી સુલ્હ-અમનની ઉમ્મીદ હોય, મુજરિમોને જેનાથી ડર હોય, અને જો એ

(બકીયહ પેજ નં. ૧૦ પર)

**દીનદારીથી ભરેલા કલામ પાકીઝા હોય છે.**

## વઝકુર ફિલ કિતાબે ઈસ્માઈલ
## મૌ.ઇમામ ઇસ્માઇલ બિન મૌ.ઇમામ અસ-સાદિક (અ.સ.) ની તારીખે ઇસ્માઇલી - કિસ્ત-૪

✳ **તીસરી દલીલ :**

જો અગર ઈમામ માઅસૂમ હોય, તો આપનાથી ખતા કોતાહી કે ભૂલચુક થઈ ના શકે. તેમાં કોઈ ગુંજાઈશ છે જ નહીં. જો મૌ.ઈસ્માઈલને અગર કોઈ દીકરો કે વારિસ જ ના હોત તો આપના બાવાજી ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) નું આપના ઉપર નસ્સ ફરમાવવું અને છઠ્ઠા ઈમામ તરીકે મુકર્રર કરવું, એક મોટી ભૂલ કહેવાત. જે નઊઝો બિલ્લાહ મુમ્કિન નહોતું. આ કઈ માઅમૂલી અમર ન્હોતો મગર એક અઝીમ ઝિમ્મેદારી હતી, ઈમામતે હક્કનો સવાલ હતો.

ઈમામે ઝમાનાને વાસ્તે એમની ઈસ્મતની હૈસીયતથી એમ વાજિબ થાય છે કે, જે વક્ત નસ્સ કરનાર બાવાજી એના પછી આવનાર ઈમામ જે એના ફરઝંદો માંથી હોય, એના પર નસ્સ કરે, મન્સૂસ બનાવે, તો એ મન્સૂસના વલદ અને વારિસ હોવા જોઈએ. આ જ નિમત પર મૌ. ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) એ આપના દીકરા મૌ. ઈમામ ઈસ્માઈલ (અ.સ.) પર નસ્સ ફરમાવી, જે વક્ત આપના પોતા મૌ.ઈમામ મોહંમદ (અ.સ.) હાઝિર હતા અને તે સાથે આપના બીજા ફરઝંદો જે મૌ.મોહંમદના કાકાજીઓ થાય, તેઓ એમનાથી ઉમ્રમાં અને ઈલ્મો ફઝલમાં નાના હતા, કમ હતા. લેહાઝા, ઈમામ ઈસ્માઈલના દીકરા **ઇમામ મોહંમદ આપના વલદ અને વારિસે ઇમામત થયા.** હાલાંકે ઈમામ મોહંમદના કાકાજીઓ મૌજૂદ હતા પણ તેઓ નૂરે ઈમામત અને એમના બાવાજી ઈમામ અસ્સાદિકની નસ્સથી ખાલી હતા. ઈમામની ઔલાદ તો ઘણી હોય પણ તમામ હક્કદારે નસ્સ અને સાહેબે ઈસ્મત હોતા નથી. બાવાજી જે ઈમામ હોય એ જ જાણે કે એમના ફરઝંદોમાંથી કોણ લાઈકે રૂત્બએ ઈમામત છે.

✳ **ચોથી દલીલ :**


આ ચીઝ તો રૌઝે રૌશન જેમ મશ્હૂર છે કે, મૌ.ઈમામ મોહંમદ અલ-બાકિર (અ.સ.) પછી આપના દીકરા મૌ.ઈમામ જાઅફર અસ-સાદિક (અ.સ.) ઈમામતના ધણી, માલિક અને મુખ્તાર બના. મૌ.અસ-સાદિકની ઘણી ઔલાદ હતી, કોઈ કહે છે કે ચાર ફરઝંદ હતા, કોઈ પાઁચ કહે છે તો કોઈ છો પણ કહે છે. મગર સહી ઝિક્ર એ છે કે, આપને ચાર ફરઝંદો હતા અને આ ચારેને માનનાર એવા લોગો થયા, એવા ગિરોહ બના કે જે એમ કહેતા હતા કે, એમના ફલાઁ સાહેબ જ મૌ.અસ-સાદિક બાદ હક્કના ધણી છે અને ઉમ્મતના ઈમામ છે. આ ચાર ફરઝંદોના નામ આ છે : **મૌ.ઇમામ ઇસ્માઇલ, અબ્દુલ્લાહ, મોહંમદ અને મૂસા.**

એક દલીલ બાદ બીજી દલીલ, એક બયાન બાદ બીજું બયાન, એમ આ ઝિક્ર તો મૌ.ઈમામ ઈસ્માઈલ (અ.સ.) ની હક્કાનીયત અને ઈમામતની અહલીયત વાસ્તે જ છે. આપ જ હમારા છઠ્ઠા ઈમામે હક્ક છો. પણ આપના ભાઈઓ અને એમને પોતાના ઈમામ સમઝી બેસેલા ફિરકાઓ અને તેના બાતિલ અકીદાઓની સમઝ આપવી લાઝિમ બને છે. જેથી એ લોગોની ખોટી દલીલો ખુલ્લી પડે અને જૂઠા દાઅવાઓના કાલા પડદાઓ ચાક-ચાક થાય.

પહેલામાં પહેલા હમેં ઝિક્ર કરીએ અબ્દુલ્લાહની. આ દીકરા મૌ.અસ-સાદિકની ઝિંદગીમાં જ વફાત પાયા. મૌ.ઈસ્માઈલના સગા ભાઈ હતા. વફાત થયા તો કોઈ ફરઝંદ મુકા બગૈર જ ગુઝરી ગયા. જે મુજબ આગલી દલીલો પૈશ થઈ, તે મુજબ કોઈ શખ્સ ઈમામ તે જ વક્ત બની શકે કે એના દીકરા હોય. યહાઁ અબ્દુલ્લાહના બાબમાં જોઈએ તો (બકીયહ પેજ નં. ૮ પર)

**નૈકી પર મબ્ની કામ પાકીઝા હોય છે.**

## લફઝી કશ-મ-કશ



**✼ ઉભી તરકીબ :**

૧) અલ્લાહતઆલાએ ફરિશ્તાઓને (મલાઈકત) ----- થી પૈદા કીધા છે અને જિન્નાતને આગથી પૈદા કીધા છે. (૨)

૨) ----- ઈન્સાનના ઝહેન પર કબ્ઝો કરી દે છે. લેહાઝા તમેં જે વક્ત લોગોને નસીહત કરો તો ખૈરની જ કરજો. (૩)

૩) ----- કરવો હોય તો દાઅવતે હક્કની ખિદમત પર કરજો, દોલત પર બિલકુલ ના કરજો. (૩)

૭) ઈબાદત વાસ્તે ------ બૈદારી કરવી અઝીમ સવાબ અપાવે છે. (૨)


**✼ આડી તરકીબ :**

૨) આબે કૌસરનું પાની ------ કરતા સફેદ અને ઠંડું, કસ્તૂરી કરતા ઝિયાદહ મહેકદાર, રેશમ કરતા ઝિયાદહ મુલાયમ અને શહેદ કરતા ઝિયાદહ મીઠું હશે. (૩)

૪) વાલેદૈનની ખિદમતના ------ માં જે ઔલાદ રહેશે, એ આખેરતમાં અર્શના નઝદીક મકામ હાસિલ કરશે. (૨)

૫) દોઆતે અમજદીન (રિ.અ.) માં તમામ કરતા ખૂબસૂરત ------, ૩૭ માં દાઈ સૈ.શૈખઅલી શમ્સુદીન સાહેબ (આ.કુ.) ના છે. (૨)

૬) હરએક સાહેબ કે જે અલ્લાહના હુક્મથી તેનો પૈગામ લોગો પર પહોંચાવતા હતા, તેઓએ કોઈ દકીકો-લમ્હો તેને નઝર - ------ કરવામાં બાકી રાખો નથી. (૩)



**લફઝી કશ-મ-કશનો ખુલાસો :-**

**નોંધ :** લફઝી કશ-મ-કશના કૉલમના સવાલાતનો હલ આ સાથે જ આખિરમાં ઊંધા જવાબો પ્રિન્ટ કરીને આપવામાં આવો છે. કારેઈનથી ઈલ્તેમાસ છે કે, પહેલા સવાલાતને હલ કરવાની કોશિશ કરે અને પછી ખુદ જ પોતાના જવાબો સહી છે કે ગલત, તેની તફતીશ કરે. ✫

---

(પેજ નં. ૨ નું બાકી)

મગર ઝઈફીમાં પણ આપ હિમ્મત હારા નહીં અને જાઅફર લઈનનો આપે ઈલ્મી તલવારથી મુકાબેલો કીધો. આપનો લકબ શુજાઉદ્દીન છે. **ખૂબ શુજાઅતથી આપે બાતિલના તૂફાનનો સામનો કીધો.** દીને હક્કને કાઈમ કરતા કરતા આપ ૮૩૬ હિ. માં ૧૯ માં દાઈએ મુત્લક અલ-યમાની સૈ.ઈદરીસ ઈમાદુદ્દીન (આ.કુ.) ના વક્તે મયમૂનમાં રૌઝએ રિઝવાન પધારી ગયા. માહે સફરની ૧૩ તારીખે આપના દીકરા મૌ.હસન સાહેબ જે આપના બાદ વાલી બના, આપની નમાઝે જનાઝહ પઢાવી અને સારંગપૂર ઈલાકામાં કાંકરીયા તલાવના નઝદીક મકબરહમાં આપને મદફૂન કીધા.

આ જ મકબરહના નઝદીક આપનું મકાન, મસ્જિદ, કૂવો અને દીગર મૌલાઈઓની કુબૂર પણ છે. અહમદાબાદમાં મુમેનીનના દફન કરવા વાસ્તે અને આખેરતના ઊમૂર અંજામ આપવા વાસ્તે આ જ જગા કદીમમાં કદીમ છે કે, જેને આબાદ કરનાર મૌ.આદમ સાહેબ (રિ.અ.) હતા. ✫

---

**દાઈએ હક્કથી હાસિલ કીધેલું અહલે બૈતે હક્કનું ઈલ્મ પાકીઝા હોય છે.**

**કુદરતે ઈલાહીના હુસ્ન તરફ ફિરેલી નઝર પાકીઝા હોય છે.**

## બંદાની મોટામાં મોટી દૌલત " આઅમાલ "

અલ્લાહતઆલા મુસબ્બેબુલ અસ્બાબ છે, યાઅની, સબબો ને જારી કરનાર, કાઈમ કરનાર કે જેના ઉપર કાએનાતના ઊમૂરરવાઁ-દવાઁ થાય અને હર તરહની ઝિંદગીઓનો ચક્કર આગલ ચાલે. મગર યાદ રહે કે, બંદાના અમલ એની અક્લ પર છે. અક્લથી એ બીજા ઉપર અફઝલ અને બરતર બનેલો છે. બીજાઓને અમલની પૂછની નથી પણ બંદાને એના અમલો-આઅમાલનો હિસાબ આપવાનો છે, જે અક્લ ના સબબ જ છે.

બંદો ભલું કરે યા બુરૂં કરે, તેનો એ ખુદ ઝિમ્મેદાર છે. આઅમાલ-અફઆલના તમામ અસ્બાબને વુજૂદ અલ્લાહતઆલા તરફથી થાય છે, પણ શું કરવું અને શું ના કરવું તે ફક્ત બંદા તરફથી હોય છે. દાઅવતે હાદીયહની સીરતની કિતાબોમાં આ વાકેઓ દરજ થયેલો છે કે, એક દિન અબૂ હનીફહ નોઅમાન, મૌ.ઈમામ અસ-સાદિક (અ.સ.) ના ઉસ્તાદ પાસે આવો. તે વક્ત મૌ.અસ-સાદિક બચ્ચા હતા, કમસિન હતા અને ઉસ્તાદ પાસે ઈલ્મ પઢવા જાતા હતા. યહાઁ પર યાદ રહે કે, હક્કના ઈમામો ઈબ્તેદાઈ તાઅલીમ કે જેને દુનિયાના કોઈ પણ હિસ્સામાં રહેતા કોઈ પણ મઝહબના બચ્ચાં હાસિલ કરતા હોય, તે ઈલ્મો ફનની તાઅલીમ મોઅલ્લિમોથી હાસિલ કરે છે. મગર ઈલાહીયત ની તાઅલીમ, તાવીલ અને બાતિન, હિકમતના તમામ દરજાત નસ્સના સાહેબ અલ્લાહતઆલાની તાઈદથી એમના અને બાવાજી સાહેબની તરબીયત અને નસ્સથી જ વાકિફ થાય છે.

અબૂ હનીફહએ તે ઉસ્તાદને અલ્લાહતઆલની માઅસીયત-નાફરમાની મુતઅલ્લિક સવાલ કીધો કે, શું માઅસીયત અલ્લાહનો અમલ છે ? શું બંદાની તેમાં શિરકત છે ? ગુનાહ કોઈ બંદો કરે છે તો શું એ પોતાની ઝાતથી કરે છે ? તે ઉસ્તાદ નઝદીક આ સવાલો નો કોઈ જવાબ ન્હોતો. મૌ.અસ-સાદિક જે વક્ત દરસથી ફારિગ થયા તો આપે ઉસ્તાદની રઝા લઈને સવાલ કરનાર અબૂ હનીફહને જવાબ આપવાનો ઈઝહાર કીધો.

આપે જવાબમાં ફરમાવું કે, અય અબૂ હનીફહ ! બંદાના અફઆલ-આઅમાલ ત્રણ તરહના હોય છે :

(૧) યા તો અમલ અલ્લાહ તરફ હોય છે અને બંદા તરફ થી નહીં.

(૨) યા બંદા તરફથી અમલ હોય છે અને અલ્લાહ તરફથી નહીં.

(૩) યા તો અમલ અલ્લાહ તરફથી તો હોય છે પણ બંદા તરફથી પણ હોય છે.

જો હવે, તમેં પહેલા કિસ્મના અમલ ઉપર નઝર કરો, તો તમને માઅલૂમ થાશે કે, અગર અલ્લાહ તરફથી જ અમલ હોય અને તેમાં બંદાની કોઈ દખલગીરી ના હોય, તો પછી અલ્લાહ તરફથી મુકવામાં આવેલા અમલ પર તે શું કામ તેના બંદા પર અઝાબ કરે. બંદો આ અમલની ઝિમ્મેદારીથી બરી છે.

હવે અગર અમલ બંદાને તરફથી હોય અને અલ્લાહ તરફથી તેનો હુક્મ ના કરવામાં આવો હોય, તો બિલકુલ બંદો ખુદના અમલના સબબ સવાબ કે અઝાબનો હક્કદાર થાય છે. આ અમલ પર અલ્લાહ બંદાને પકડશે અને એનાથી હિસાબ માંગશે.

આખિરી તરહના અમલ પર તમેં નઝર કરશો તો સમઝમાં આવશે કે, એવો અમલ કે બેવે તરફથી હોય, તે વાસ્તે બેવે ખબરદાર હોય તો પછી ઝોરદાર શરીક (અલ્લાહ) તેના સાથે કમ્ઝોર શરીક (બંદા) પર શું કામ અઝાબ કરે. જો આમ થાય, તો કમ્ઝોર પર ઝુલ્મ થયો કહેવાય અને અલ્લાહ એ પસંદ ના કરે કે, જેમાં તે શરીક હોય તેના સાથે કોઈ નાઈન્સાફી થાય. અલ્લાહ આ અમલ વાસ્તે બંદાને મુઆફ કરી દેશે. ☆

---

**" બિસ્મિલ્લાહ " થી શુરૂ કીધેલું જમન પાકીઝા હોય છે.**

**ખિદમતે ખલ્ક તરફ ઉઠેલા કદમ પાકીઝા હોય છે.**

(પેજ નં. ૫ નું બાકી)

એ ઈમામતના હરગિઝ મુસ્તહિક્ક ના થઈ શકે. એ નસ્લથી મહેરૂમ રહ્યા અને આ બાબત એની ઈમામતને જૂઠી સાબિત કરવા અને નસ્સની ખોટ વાસ્તે મોટી શાહિદી છે.

પછી હમારી નઝર જાય છે મોહંમદ પર. આ દીકરા રસૂલુલ્લાહ બાવાજી ના નામ નો ગૈર ઈસ્તેમાલ કરીને ફિત્નાવર દાઅવાઓ કરતા હતા અને આપના કલામની ખિલાફવરઝી કરતા હતા. કાઅબતુલ્લાહ જે અમન અને ગુનાહગારોની પનાહની જગા છે, તે એક મહેફૂઝ હરમ છે. તે હરમમાં આવીને નબી સાહેબે આપેલી શરીઅતની અમાનતમાં ખયાનત ના થાય. દીનના અહેકામ વાસ્તે જૂઠ-બયાની ના થાય. ગરઝપરસ્તીની જંગ-જેહાદ વાસ્તે તલવાર ના નિકાલાય. ઈમામતની ખોટી નસ્સ અને બેબુનિયાદ દાઅવાઓની બયાની ના થાય. આ તમામ ચીઝો આ મઝકૂર દીકરા મોહંમદે કીધી.

આખિરકાર મોહંમદ લોગો પર ધાક જમાવવા, દૌલત અને તાકતનો ઈઝહાર કરવા અને એની ખોટી નસ્સ અને ઈમામતના દાઅવાને ખિલાફ જેટલા લોગો પડેલા હતા, તે તમામને ચુપ કરવા, બગદાદ જઈને અબ્બાસી ખલીફાઓના ખોલામાં બેસી ગયા. બગદાદી ખલીફાઓને તો જોઈતું મિલી ગયું. મૌ.અસ-સાદિક અને આપના બીજા ફરઝંદોને ખિલાફ લોગોને ભડકાવવાનો એક નવો મોહરો, પ્યાદો અને હથ્થો હાથ લાગી ગયો. **ખલીફાઓએ આ મોહંમદનો પૈસા અને મહેલમાં રિહાઇશ આપીને ખૂબ ઇસ્તેમાલ કીધો.** હક્કના ઈમામ મૌ.ઈસ્માઈલ અને આપના ફરઝંદોને ખિલાફ ખોટી વાતો ફેલાવવા અને શરીઅતમાં ફેર-બદલ કરવાની ગુમ્રાહ કોશિશો કરતા રહ્યા. આ તરહ ઈમામતનો દાઅવો કરનાર કોઈ વક્ત પણ દુશ્મનોના મહેલોમાં રહીને શરીઅતના અહેકામ પર હમ્લા કરીને ઈમામત ના કરી શકે. આ મુજબની બાબત મોહંમદની ઈમામતને જૂઠી કરવા અને નસ્સને બેકાર કરવા પર મોટી શાહિદી છે. ✯

## ગૌર-તલબ થાય

કેટલાક ઓલમા-આલિમો પોત-પોતાના મુરીદો, માનનારાઓ, ચેલાઓ યા તે ઈલાકાના હુકમરાન-બાદશાહોની ખુશામદ કરવા, દિલ જીતવા તે મુજબ દુનિયાદારી યા જાહ-તલબી વાસ્તે સહી વાતોને છુપાવે, બનાવટી વાતો કે જે અવામને ગમે, તેના ઉપર પોતાની વાહ-વાહ બોલાવે, તેઓ પર અલ્લાહતઆલાનો ખૌફનાક-અલમનાક અઝાબ નાઝિલ થાશે.

આ એવા આલિમો છે કે, જે કઈ બોલે, બયાન કરે, દાઅવાઓ કરે તે મુતાબિક અમલ ના કરે. આના બરખિલાફ પોશીદા તૌરથી કઈ બીજું જ કરતા હોય. મગર મિમ્બરો-સ્ટેજો પર એમ મુઝાહેરો કરે કે, તેઓ પોતાની ઝબાનોના કેટલા પાકા છે કે જે કઈ બોલે છે, તે કરીને બતાવે છે.

આલિમોનું બીજું નામ સાદગી છે, સંજીદગી છે. **ઇતરાવવું, દેખાવ કરવો અને બનાવટ કરવી તે આલિમોની સિરતનો હિસ્સો હોતો નથી.** અલ્લાહતઆલા ફરમાવે છે કે, આલિમો તેઓની જવાબદેહી અને ઝિમ્મેદારીથી નહીં છટકી શકે. તેઓથી મીસાકો પૈમાન લેવામાં આવો છે કે, શરીઅત, અખ્લાક યા દુનિયા-આખેરત વાસ્તે કોઈ પણ સહી વાત છુપાવે નહીં. લોગોને સહી ચીઝ અને હકીકતોથી આશ્ના કરે. ખૈર વાસ્તે **સવાબો અજરની ખુશખબરી** આપે અને શર વાસ્તે અઝાબો ગઝબની તન્બીહ કરે.

અલ્લાહતઆલા ઝમીનો આસમાનના માલિક છે. હર ચીઝ પર કુદરત રાખનારા છે. જાહિલોને હુકમ કરવામાં આવો છે કે, તેઓ જો ના જાણતા હોય તો આલિમો પાસે જઈને શીખે. આલિમોને હુકમ કરવામાં આવો છે કે, જે કોઈ તેઓ પાસે શીખવા આવે તેમને બરાબર શીખાવે. બેવે તરહના લોગો ઝર્રા બરાબર પણ ખયાનત ના કરે. જાહિલનું ઈલ્મને ના હાસિલ કરવું પણ આફત છે અને આલિમનું ઈલ્મને ના પઢાવીને બીજાને જાહિલ છોડી દેવા પણ આફત છે. ✯

**કોઈની ભલાઈ વાસ્તે કીધેલી કોશિશ પાકીઝા હોય છે.**

## અપની ઝબાન

હરએક કૌમની પહેચાન તેની ઝબાનથી થાય છે. ખુદાતઆલાએ પણ કુરઆને કરીમને અરબસ્તાનમાં તેના લોગોની ઝબાન યાઅની અરબીમાં નાઝિલ ફરમાવા અને તે પણ આસાન-સલીસ ઝબાનમાં. આ સાથે કુરઆનમાં તમામ અલ્ફાઝની અસલ-જડ અરબીથી નથી પણ બીજી ઝબાનોથી પણ ચંદ અલ્ફાઝ તઅલ્લુક રાખે છે. ખાસ કરીને ઈબરાની ઝબાન. યાઅની કે, કોઈ એક ઝબાનમાં બીજી મુખ્તલિફ ઝબાનોના મુહાવેરા-અલ્ફાઝ-બંદિશો શામિલ હોય છે. **હમારી કૌમ જમાઅતે અલવીયહ નાજીયહની ઝબાન લિસાનુદ્દાઅવત છે.** હમને ખબર છે કે, આ ઝબાનમાં ગુજરાતી સાથે અરબી, ઉર્દૂ, ફારસી અને હવે અંગ્રેજીના અલ્ફાઝ મખ્લૂત છે, મમ્ઝૂજ છે, મિલેલા છે. યાઅની કે હમારી લિસાનુદ્દાઅવત મુખ્તલિફ ઝબાનોનું મિક્ષર છે.

આ સિવાય હમેં ઘરમાં, બાઝારમાં, વેપારમાં, રિશ્તાઓમાં, બચ્ચાં સાથે, હસીં-મઝાકમાં, હલકા-ફુલકા માહૌલમાં, તહેવારમાં, ઈબાદતોમાં, હમજોલીઓ-દોસ્તો સાથે, ખુશી-ગમીમાં વગૈરહ એવા અલ્ફાઝ બોલીએ છે, જેનો કોઈ ઝબાન સાથે રિશ્તો-તઅલ્લુક હોતો નથી. ફક્ત તે ચીઝો હમારી બોલચાલમાં વરસોથી દાખિલ થયેલી છે અને કંઈ જ વિચારા બગૈર હમેં તે હાલાત અને બનાવને સમઝાવવા તેને બોલીએ છે. આ અલ્ફાઝ-મુહાવેરાને હમેં યહાઁ આ કોલમને માતહત લાવીશું. **એવા અજીબો-ગરીબ અલ્ફાઝ-મુહાવરાને યાદ અપાવીને તેનો મતલબ બતાવીશું.** કેટલીક એવી ચીઝો છે જે આજે હમારી ઝબાન પરથી ભુલાઈ ગઈ છે. આ કોલમના સબબ હમને તે જુની ઝબાન યાદ આવશે.

કારેઈન પાસે જો આ તરહના બાઝારૂ યા હલકા-ફુલકા અલ્ફાઝ હોય, ઈસ્તેમાલ કરતા હોય, બોલતા હોય તો તેને ૯૨૨૭૫૯૮૯૦૯ પર વોટસએપ કરી મોકલી આપશો.

**ગયા શુમારાના અલ્ફાઝ :**

અસનઈ, બખર જંતર, ચિલ્લી ઘમસલ્લા, ઢોલ્લી, ફુગ્ગો ફૂલાવવો.

**નવા અલ્ફાઝ :**

**અવૈયે :** હિવા કામ કરવા જેની કોઈ ઉમ્મીદ જ ના હોય, હિવી ચીઝ થાવી કે તેના ગૈર વક્ત પર હોય, હિવો હાદેસો કે જેના વાસ્તે કોઈ તૈયાર ના હોય અને તે વાસ્તે તમામ તઅજ્જુબમાં પડી જાય.

ઈસ્તેમાલ : અપના શહેર વડોદરામાં વિશ્વામિત્રી નદીમાં આ રીતે પૂર આવવું અવૈયે જ બનતું હોય છે.

**ભોઇમાં :** નીચે, ઝમીન પર.

ઈસ્તેમાલ : ભાઇ ! ઊભો ના રહે, કુર્સી નથી તો ભોઈમાં બેસી જા.

**છેલ્લી ખત્મી :** જશ્ન મનાવવાનો, ફિરવા જાવાનો, આઊટીંગ કરવાનો છેલ્લો દિવસ, જે વક્ત મોહર્રમ અને રમઝાન મહીનો શુરૂ થાવાનો હોય.

ઈસ્તેમાલ : સાંભલોચ ! રવિવાર છે, છેલ્લી ખત્મી છે. ચલો ! બહાર એક ચક્કર લગાવીને આવીએ. પછી મસ્જિદની અવર-જવરમાં વક્ત નઈ મિલે.

**દદ્દઇ :** કોઈ ગરમ ચીઝ પર બચ્ચું હાથ ના લગાવી દે, તે વાસ્તે ઘરમાં લોકો બોલેચ.

ઈસ્તેમાલ : બચ્ચા ! બચ્ચા ! દૂર જા, હાથ ના લગાવ ! દદ્દઈ છે. બલી જવાય.

**ફૂટેલી કારતૂસ :** એતેમાદ બગૈરનો શખ્સ, બેમોહ્યો, ડબલ ઢોલકી શખ્સ, ગૈર લોકો આગલ મખ્ફી વાત કરી દેનાર, જાસૂસી કરનાર.

ઈસ્તેમાલ : જો હાઁ ! સોચીને બોલજે ! પિલો આવો, ફૂટેલી કારતૂસ છે. બદ્દું જ ઓકી દેસે. ☆

**ઈબાદત વાસ્તે ઉઠવા પહેલાનો આરામ પાકીઝા હોય છે.**

## અઝીમ અહેસાન

મોહંમદ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) નું નબી બનવું, રિસાલતની ભારીમાં ભારી ઝિમ્મેદારી ઉઠાવવી, આપનું મબ્ઊસ થાવું, આ ખલ્ક પર અલ્લાહના આખિરી નુમાઈંદા તરીકે કારે હિદાયત સંભાલવી, તે મુમેનીન પર બલ્કે તમામ આલમીન પર અઝીમ અહેસાન છે.

આપની નુબૂવત પર અહલે અરબને કામિલ યકીન થયું, તે વાસ્તે ચંદ વુજૂહાત-નુક્તાઓ આ મિસિલ છે :

(૧) આપ તુફૂલીયત-બચપણાથી જ સાચા અને અમીન હતા અને પૂરી ઝિંદગી રહ્યા.

(૨) આપને મુશ્રેકીન-દુશ્મનોએ ઘણી લાલચો આપી અને બેહદ ઈઝાઓ પણ આપી, પણ આપ આપની હક્કાનીયત પર સાબિત કદમ રહ્યા.

(૩) મદીનતે મુનવ્વરહમાં પધારા બાદ અને ફત્હે મક્કહ બાદ પણ આપ તે જ અસલી અખ્લાક, સચ્ચાઇ, સાદગી અને મિલનસારી પર રહ્યા. આપના હાથમાં દૌલત, મિલ્કીયત, રસાઈ, તાકત અને મુસલેમીનની મદદ હોવાને બાવુજૂદ આપે આપની ઝિંદગી સાદાઈથી ગુઝારી.

(૪) સેંકડો મોઅજિઝાત અને કરામાતને ઝાહિર કીધા. તેમાં ખાસ મોઅજિઝો એ કે, ચંદ મુદ્દતમાં જ આપના ખોલોકે અઝીમ-ઊંચામાં ઊંચા અખ્લાક, પાકીઝામાં પાકીઝા ખસલતો થી સખ્તમાં સખ્ત, સરકશ, બદ-દીન, બેઅદબ, ખૂઁખાર અરબોને મુહઝ્ઝબ, બાઅદબ, દીનદાર, સરનિગૂં અને નૈક અખ્લાક વાલા બનાવી દીધા. જેહાલતના મુડદાઓ ને ઝિંદા કરી દીધા અને દીને ઈસ્લામને આલમગીર મઝહબ બનાવી દીધો.

ઝરૂર ! બેશક ! આપ નબી સાહેબ તમામ આલમીન વાસ્તે રહેમતે ખુદાવંદી બનીને આવા અને જહાનવાલાઓ દરમિયાન હમેશા-હમેશા વાસ્તે સિરાતે મુસ્તકીમનો હદીયો મુકી દીધો. ✯

---

(પેજ નં. ૪ નું બાકી)

**જૂઠ બોલતો** હોય, બનાવટ કરતો હોય, સાચાનું જૂઠું અને જૂઠાનું સાચું કરતો હોય, રૂશ્વત ખોર હોય, મુજરિમને છોડાવવાની પૈરવી કરતો હોય, તો આ એના વાસ્તે ખૂબ જ બુરી બિના છે.

(૭) **તબીબ-હકીમ** હોય, ઈલાજ-મુઆલેજહમાં માહિર હોય, મરીઝની નબ્ઝને પરખતા જાણતો હોય, બીમારીઓને દૂર કરવા વાસ્તે આઅલા નુસ્ખાઓ એના પાસે હાઝિર હોય, અને જો એ પોતે વારે ઘડીએ **બીમાર** રહેતો હોય, બીજાનો ઈલાજ કરવાને બરખિલાફ ખુદનો બરાબર ઈલાજ ના કરી શકતો હોય, એના દવાખાનામાં એ અકસર કરીને ગૈર-હાઝિર રહેતો હોય, પોતાના ઈલાજ વાસ્તે બીજાનો મોહતાજ હોય, તો આ એના વાસ્તે ખૂબ જ બુરી બિના છે.

(૮) **બૈરો** હોય, જેને ઘરમાં બાતિનમાં રહેવાનું હોય, પોતાની શરમો-હયા, ઈફ્ફત, તહારત, પરહૈઝગારી, આઁખ-ઝબાન-કાન-શરમગાહો સાચવવાની હોય, જેના હાથ પર એના બચ્ચાઓની પરવરિશ હોય, અને જો એ **ફહેશ બોલનાર** હોય, ગૈર-ઝરૂરી વાતોમાં પોતાનો વક્ત બિગાડનાર હોય, બેશરમીથી ગૈર-મહેરમોને દરમિયાન જાનાર હોય, લગ્વ-ગીબત-ચાડી કરનાર હોય, તો આ એના વાસ્તે ખૂબ જ બુરી બિના છે.

(૯) **અમલદાર** હોય, ઓહદેદાર હોય, કોઈ એક ઈદારા-કામકાજ વાસ્તે એને ઈખ્તિયાર આપવામાં આવો હોય, તમામ આમદો રફત એના હાથમાં હોય, એના સિવાય ફેસલાની ચાવી કોઈના પાસે ના હોય, અને જો એ **ઝાલિમ** હોય, બેરહેમ હોય, ખુદપસંદ હોય, કોઈની વાતને ગિનકારતો ના હોય, તૈશમાં આવીને બેઈઝ્ઝત કરતો હોય, તો આ એના વાસ્તે ખૂબ જ બુરી બિના છે. ✯

**હક્કની પહેચાન વાસ્તે ઔલાદની કીધેલી તરબીયત પાકીઝા હોય છે.**

## ગુલ્શને ફિકહ – શરીઅતનું હલાલો હરામ
### બીમારીની ઝિક્ર - કિસ્ત - ૧૪

ઈમાનદારો વાસ્તે અલ્લાહતઆલા ફરમાવે છે કે, "દુનિયાની ઝિંદગી માં જ અહલે ઈમાન વાસ્તે બશારત છે. ખુશખબરી છે." આ બશારત દુનિયાની કોઈ નેઅમત, રાહત કે દૌલત વાસ્તે નથી. મગર એવી ખબર છે કે, મુમિન ખુશ થઈ જાય. આના વાસ્તે એને મુન્તકલ થાવું પડે, એનું મકાન અને એની જગા છોડવી પડે. આની માઅના એ છે કે, દુનિયાના ઘરને છોડવું પડે અને આખેરતના ઘરને વસાવવું પડે. બશારત, આખેરતના ઘર વાસ્તે છે, જે મુમિનને દુનિયાની ઝિંદગીમાં મિલનાર છે.

આ બશારત બે તરહથી કામ કરે છે. એક તરીકો એ છે કે, મુમિને મુખ્લિસ એવી ઝિંદગી ગુઝારે કે, એ કોઈ પણ કબાઈર-મોટા ગુનાહો પર સવાર ના થાય. અલ્લાહતઆલાની રઝામંદીના જ અમલ કરે. જો કોઈ ભુલ-કોતાહી થઈ પણ જાય, તો ફૌરન ઈબાદતગુઝારી કરીને તૌબા-મગફેરતની રાહ પર લાગી જાય. અલ્લાહતઆલા પણ આ બંદા પર નવાઝિશ કરીને એના ગુનાહોનો હિસાબ દુનિયામાં જ ચુક્તે કરી નાખે. યાઅની કે, આ મુમિનના કંધાઓ પર એના ગુનાહોનો કોઈ બોઝ રહે જ નહીં. **આ સૂરતમાં મુમિન વાસ્તે મૌત નેઅમત બનીને આવે, બશારત અને આસાની સાથે આવે.** ખુશબખ્તીનો સહેરો પહેરીને મુમિન આખેરતના ઘરની મંઝિલ તરફ કૂચ કરી જાય.

રસૂલુલ્લાહ બાવાજી બયાન કરે છે કે, બીજો તરીકો એ છે કે, મુમિન વાસ્તે જન્નતમાં ખાસ મંઝેલત-મુકામ હોય છે. તેને હાસિલ કરવા વાસ્તે આ દુનિયાની ઝિંદગીમાં એને બલા, આફત, દર્દ, મરઝ, તકલીફ, ઈઝા, ઝુલ્મ, નુકસાન, શિકસ્ત, બેવફાઈ વગૈરહ ઉઠાવવી પડે. **ખૂબ આઝમાઇશ અને સખ્ત ઇમ્તેહાનમાંથી ગુઝરવું પડે.** દુનિયાના લોગોના બદ-વહેવારના કડવા ઘૂંટ પીવા પડે. આ તમામ ચીઝથી જો એક મુમિન નથી ગુઝરો યા બલાનો ઝાયેકો નથી ચાખો, તો એ જન્નતમાં મંઝેલત કઈ તરહ હાસિલ કરી શકે!

એવી હાલતમાં જો મૌત આવવાનો વક્ત આવી ગયો અને એના પાસે એવો કોઈ જ સબબ હાઝિર નથી કે, એ મૌત બાદ જન્નતની મંઝેલત તક પહોંચી શકે કે, જે મુકામ એના વાસ્તે અલ્લાહતઆલાએ મુકર્રર કીધેલો છે, તો મૌત પહેલાના હાલાત એના વાસ્તે એવા ઊભા કરવામાં આવે છે જે દર્દનાક હોય, પરૈશાનકુન હોય, તકલીફ-દેહ હોય, ફિક્રમંદીથી ભરેલા હોય, માલી ખસ્તા-હાલી પૈદા કરનાર હોય. જો એના ઉપર આ તરહના સખ્તીના, તંગીના, દર્દો ગમના, કસૌટીના હાલત ગુઝરે અને આ તમામને એ સબર-શુક્ર સાથે બરદાશ્ત કરે, **તો અલ્લાહતઆલા સવાબના દરવાઝા એના વાસ્તે ખોલી દે છે.** દર્દ અને તકલીફ ઉઠાવવાથી એના ગુનાહો મંજાઈ જાય છે. આ તરહ એ એની મૌત પહેલા ગુનાહોથી સાફ-શફ્ફાફ બની જાય છે અને આખિરકાર એની મૌત પછી મંઝેલતે જન્નતનો હક્કદાર બની જાય છે. ☆

## ઈબાદતે મખ્લૂક (અપની ઝબાન)

હમેં આ ચીઝમાં યકીન રાખીએચ કે, ઈબાદતે મખ્લૂક કરવાસી ઈતાઅતે ખુદા (ખાલિક) ના છુટવી જોઈએ. કુરૈશના મક્કી મુશ્રિકો બુતો-મૂર્તિઓ ને પૂજતા અને એનાસી જ પોતાની હાજિતને તલબ કરતા, તરહ-તરહની ખ્વાહિશો માંગતા. કોઈ અચ્છા દરખ્ત યા પત્થરને જોઈ તો તેની પૂજા શુરૂ કરી દે અને તેના ઉપર જાનવરની બલી ચઢાવીને તેને ખૂનસી રંગી નાખે. તે પત્થરનું નામ "સઅદ સખ્રહ" (નેક પત્થર) રાખે. ઊંટો વગૈરહને તકલીફ થાય, બીમાર પડે તો તે પત્થર બીમાર ઊંટ પર મસલે અને તેનાસી શિફા-બરકત મિલવાની તમન્ના કરે.

(બકીયહ પેજ નં. ૧૫ પર)

**જે લખાણ વાંચવાથી ઈમાન પુખ્તા થાય તે કિતાબત પાકીઝા હોય છે.**

## ૬૭ મી મીલાદે હાતિમી
## ફૂલ મેં બહેતર ગુલાબ હે

તૈયેબ હોદા કે ચાઁદ કા ક્યા ઇન્તેખાબ હે,
ઉસકી હર એક કિરન મેં નયા આફતાબ હે.
તૈયેબ કે જાઁનશીન ભી ક્યા લા-જવાબ હે,
જૈસે ચમન કે ફૂલ મેં બહેતર ગુલાબ હે.
પૈશાની પર વો નૂર ચમકતા હે રાત-દિન,
જૈસે ઝમીં કી ગોદ મેં ભી માહતાબ હે.
બેટે મેં શાન બાબા કી ઐસી હે જલ્વાગર,
ઉસકા જવાબ યે હે, યે ઉસકા જવાબ હે.
માઝૂન કા વકાર હે દાઇ કે સાથ-સાથ,
સાયે મેં આફતાબ કે એક માહતાબ હે.
પહોંચાયા ફૈઝ તુમને હી દાઅવત કી ઝમીં કો,
યે ફૈઝે હાતિમી જો તેરા બેહિસાબ હે.
તૈયેબ અગર શહેર મોહંમદ કે ઇલ્મ કે,
હાતિમ શહા ખુદા કી કસમ ઉસકે બાબ હે.
હર દમ જવાન રહેતી હે દાઅવત ક્યોં પૂછીએ,
દાઇ કી રહેબરી હી તો ઉસકા શબાબ હે.
દાઇકે ચહેરે પર તો હે લિખ્ખા કલામે હક્ક,
કુરઆન પઢને મેં કહો કિતના સવાબ હે.
મંઝિલ હે તેરે દિલ મેં હમારે નજાત કી,
દર-દર ભટકને વાલોં કા ખાના-ખરાબ હે.
વો ક્યા ચમન હે જિસકા કોઇ બાગબાઁ ન હો,
દુનિયા મેં ઐસે ફૂલોં કા ખિલના અઝાબ હે.
છોડો અંધેરા, નૂર કા આ કર સબક પઢો,
સબકે લિએ ખુલી હુઇ હક્ક કી કિતાબ હે.
જિસને ભી થોડી ચખલી વો બરબાદ હો ગયા,
દાઇએ હક્ક કી દુશ્મની ઐસી શરાબ હે.
ઇસ ઝિંદગી કી ધૂપ મેં સાયા તેરા મિલા,
અબ ફિક્ર ક્યા હે અપના સફર કામિયાબ હે.
લાખોં સિતારોં કો ભી ઝરૂરત હે ચાઁદ કી,
શમ્શીર અપને સામને સીધા હિસાબ હે. ✯

(પેજ નં. ૩ નું બાકી)
ઈમાનની શરતોમાં તાખીરથી દાખિલ થાય છે. હમારા અમરને ઉચકવામાં ઘણો સોચ-વિચાર કરે છે. તેઓના ઝહેન અમુક ચીઝો જઝબ કરવામાં કાચા પડે છે. તેઓના ઈરાદાઓમાં હલકાશ આવી જાય છે. તેઓની નિય્યત નો જોશ અમલને આગલ લઈ જાવામાં ઓછો સાબિત થાય છે. પણ આખિરકાર તેઓ હમારા મુમેનીન છે. ભલે ઈમાનમાં, હિજરતમાં કે જેહાદમાં પાછલથી શામિલ થાય, મગર હમેં તેઓની મોહબ્બતનો અજર ઝરૂર આપીએ છીએ. તેઓ હમારા કરમ અને ખુદાતઆલાની મુઆફીના હક્કદાર બને છે."

"બેવે તરહના લોગો હમારા કરાબતદાર છે. હમારા સાથે જોડાયેલા છે. હમેં મૈદાને હશ્રમાં તેઓને પહેચાની લઈશું. હમારી મજલિસો અને મિમ્બરો જેમ આ દુનિયામાં મુમેનીનથી ઝીનતદાર થાય છે, તેમ ખુદાતઆલા હમારા મુમેનીનની મોહબ્બત અને કરાબતથી હમને ઝીનતદાર કરશે. આ દુનિયા અને આખેરતના દરમિયાન હમારા મુમેનીન વાસ્તે હમારી મોહબ્બત જ તે પુલ છે, જે પરથી તમામ ગુઝરશે. તે સઘલા મુમેનીન તમેં છે." ✯

---

કિતને સાદા મિઝાજ હૈં હમ લોગ,
કિતની સીધી સી બાત કહેતેં હૈં,
યાઅની એક બોરીયા-નશીન કો હમ,
સરવરે કાએનાત કહેતેં હૈં.

## તિજારત

**Ismat Tinwala (MA, B.Ed.)**
**25 Years** of Proficiency in
Sanskrit, Hindi & Gujarati Subjects.
**8th to 12th (GSEB, CBSE, ICSE)**
**A2/103, Ali Chamber-1, 1st Floor, Taiyebi Park, Ajwa Road, Vadodara - 390019.**
**Ph.: 09409156524** ✯

**મોહબ્બતો ઈખ્લાસથી બંધાયેલો રિશ્તો પાકીઝા હોય છે.**

## રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના ખાસૂલ ખાસ
## મૌ. સલમાનુલ ફારસી (રિ.અ.) – કિસ્ત : ૩૬

### અપની ઝબાન

અસ્હાબે કિરામ માંસી, રસૂલુલ્લાહ બાવાજી પિદરે ઈસ્લામ સી ઝિયાદહમાં ઝિયાદહ નઝદીક જે સાહેબ હતા એ મૌ.સલમાનુલ ફારસી (રિ.અ.) હતા અને આપ મૌલાના અલી માદરે ઈમાનના પન ઈતલા જ ચહીતા હતા. આપ હર વક્ત નબી સાહેબ પાસે નસીહતની અરઝ કરતા અને તેના બદલામાં આપ નબી સાહેબસી ઈલ્મો હિકમતના મોતીઓ હાસિલ કરતા. કેયામતની નિશાનીઓનું ઈલ્મ પન આપે એ જ તરહ હાસિલ કીધું. ઈલ્મ બી કિવું કે, હર ઝમાન, હર કૌમ અને મઝહબ વાસ્તે સાચું હોય, મુનાસિબ હોય. નબી સાહેબે ફરમાવું કે, અય સલમાન ! તમેં યાદ રાખો કે, જે વક્ત કેયામત કરીબ થાસે તો,

- **મરદોનો દેખાવ ઔરતોં-બૈરાઓ જિવો થઇ જાસે અને ઔરતોંનો દેખાવ મરદો જિવો થઇ જાસે.**

આજની દુનિયા, વહેવાર, વેપાર, તહેવાર અને રિશ્તા દેખાવ પુરતા થઈ ગયાચ. જિતલો દેખાવ વધારે તિતલો તે તરફ લોકોનો ખેંચાવ વધારે. વાતમાં કોઈ જ દમ ના હોય તો પન લોકો ઘૂરીઘૂરીને તાંકી-તાંકીને જોવા વાસ્તે મજબૂર થઈ જાય. મતલબ કે, આજની ઝહેનીયત હિવી બની ગઈચ કે, કોઇ ચીઝને બાઝારમાં રાતોરાત ઝટપટ ઓછા ખર્ચામાં મશ્હૂર કરવી હોય અને લોકોના દિલમાં તેને વસાવવી હોય તો તે વાસ્તે બરાબર દેખાવ કરવો, શોબાઝી કરવી એ જ આસાન રસ્તો છે. આમ કરવાસી જો કોઈ આઈટમ ક્લિક થઈ ગઈ તો-તો પછી ચાંદી જ ચાંદી.

સોશીયલ મિડીયા પર હમેં જોઈએચ કે, ચારે બાઝૂ દેખાવ જ દેખાવ છે. લાઈક્સ અને ફોલોઅર્સ વધારવા વાસ્તે જાને રેસ લાગીચ. હર કોઈ પર ખૂબસૂરત-હસીન અને કઈ અલગ દેખાવવા અને બીજા કરતા લોકોમાં વધારે મશ્હૂર થાવાનો જુનૂન સવાર થયોચ. બદસૂરતમાં બદસૂરત પન પોતાને પરી-હૂરૂલઈન જિવી લાગવા મથામન કરી રહ્યાચ. આ તમામ ચીઝો પાછલ, **હમારા પહેરવામાં-ઓઢવામાં, લિબાસમાં ફિકરઅંગૈઝ અને સનસનીખૈઝ બદલાવ જોવા મિલી રહ્યોચ.**

ડ્રેસ મટીરીયલ, કોસ્મેટીક્સ, સ્કિન કેર, ફૂટવેર, હેરકેર, પરફ્યૂમ્સ, વગૈરહ વાસ્તે લોકો જે તરહ દુકાનોમાંથી યા ઑનલાઇન શોપિંગ કરી રહ્યાચ, તો ઈમ લાગેચ કે, મરદો અને બૈરાઓના લિબાસ અને પહેરવાના તરીકાની હદ અને ચોઈસ મિક્સ થાતી જાઈચ. બેવેમાં ખલત-મલત એ તરહ થઈ રહ્યુંચ કે, હવે ઈમ નથી કહીં શકાતું કે, ફલાનો ડ્રેસ મરદનો છે યા ફલાનો બૈરો-લેડીઝ વાસ્તે છે.

આ ટ્રેંડ, સ્ટાઈલ અને ફેશન હમને ઈમ બતાવી રહીચ કે, મરદો આજે બૈરો મુજબ દેખાઈ રહ્યાચ અને બૈરોનો દેખાવ મરદો મુજબ થઈ રહ્યોચ. જે મુજબ લિબાસ પહેરેલો હોય, તો ખબર જ ના પડે કે, જે શખ્સ જઈ રહ્યાચ એ મરદ છે કે ઔરત. **હમારૂં કલચર અંદરને અંદર ખોખલું થઇ રહ્યુંચ.** હમારા વિચારો હમને હમારા લિબાસમાં નઝર આવી રહ્યાચ. શરમ, પડદો અને તહેઝીબની પાકો સાફ ચાદરના ચીથરે ચીથરા ઉડી રહ્યાચ. આ શરમનાક માહૌલમાં હમને હમારો લિબાસ, તહેઝીબ, કલચર અને ઈઝઝત સાચવવાનીચ. હમને એ જોવાનુંચ કે હમેં બીજાની નકલ કરીને ખુદની શનાખ્તને ના ખોઈ દઈએ.

યૌમે કેયામત તક હમને હમારી અલવીયત સાચવવાનીચ. ✫

---

**કોઈની બહેતરી વાસ્તે ઝહેનમાં આવેલો વિચાર પાકીઝા હોય છે.**

**પરહૈઝગારીની ઝીનતથી સજેલું ઘર પાકીઝા હોય છે.**

# ઈલ્મો

ઈલ્મે તૌહીદ એક એવું ઈલ્મ છે જેમાં તબ્દીલી થાવાની કોઇ ગુંજાઇશ નથી. તે હમેશાને વાસ્તે કોઈ પણ વક્તમાં એક જેવું જ રહેશે. તે ખુદાતઆલાની એકોકારી-વહેદાનીયતનું ઈલ્મ છે. આ ઈલ્મ બીજા તમામ ઈલ્મોને ઘેરી લે છે. હર મખ્લૂક આ ઈલ્મની માઅરેફત રાખે છે. તેના સિવાય આ કાએનાતમાં કોઈ ઠહેરાવ યા હરકત મુમ્કિન નથી. **"લા ઇલાહા ઇલ્લલ્લાહ"** ની માઅના ઈલ્મે તૌહીદ તરફ ઈશારો કરે છે. હર મઝહબ આ ઈલ્મ તરફ મોહતાજ થઈ જાય છે. હર મઝહબના ભલે હઝારો ખુદાઓ હોય મગર તે ઈલ્મે તૌહીદ નઝદીક લાચાર થઈ જાય છે. **ખુદાતઆલા સિવાય હર એક ખુદા એક મખ્લૂક જ હોય છે,** પૈદાશુદા ચીઝ જ હોય છે, જેને તૌહીદે રબ્બાની તરફ પલટવા સિવાય કોઈ છુટકો જ નથી.

મૌલાના અલી સાહેબે ઝુલફિકાર (અ.સ.) ફરમાવે છે કે, આ ચાર ઈલ્મો ઈલ્મુ-તૌહીદ બાદ અહમમાં અહમ ઈલ્મો છે : (૧) ઈલ્મુલ લિસાન, (૨) ઈલ્મુલ અઝમાન, (૩) ઈલ્મુલ અબ્દાન અને (૪) ઈલ્મુલ અદયાન. આપે ફરમાવું કે, અગર તમામ ઈલ્મો કરતા જલીલ-તર ઈલ્મને હાસિલ કરવાનો તારો ઈરાદો હોય તો તે જલીલ-તર ઈલ્મ, ઝબાનોંને કાઈમ કરનાર, દુરૂસ્ત કરનાર ઈલ્મ છે, તે છે ઈલ્મુલ લિસાન. બીજું ઈલ્મ ઝમાનાઓ અને તારીખનું ઈલ્મ છે. તીસરૂં ઈલ્મ તબીઅતોનું છે. જિસ્માની અને જિરમાની આલમનું છે કે, જે ઝમીનો આસ્માનના ઝર્રાઓમાં ફેલાયેલું છે. ચોથું ઈલ્મ મઝહબોનું છે. અલગ-અલગ મઝહબોનું અસલ અને બુનિયાદ તે **એક જ છે અને તે છે ઇલ્મે તૌહીદ.**

ઈલ્મે તૌહીદના સરચશ્મા અને અહેલએ ઈમામુઝ્ઝમાન, ઈમામે આલે મોહંમદ (સ.અ.) છે. આપ મૌલાની જ હઝરતે ઈમામીયહથી ઈલ્મોની પાક નહેરો અને ચશ્માઓ નિકલે છે. યૌમે કેયામત તક આ નહેરો જારી થાયા કરશે. આ ચશ્માઓ ઈમામુઝ્ઝમાનની દાઅવતે હક્કના આઅલા હુદૂદ છે. એક ઈમામ બાદ બીજા ઈમામ તેને કાઈમ કરા કરે છે. આ હુદૂદમાંથી હરએક હદ મુમેનીનને ઈલ્મે તૌહીદ તરફ લઈ જાય છે. લેહાઝા, આ હુદૂદની માઅરેફત અને તેને કાઈમ કરવા પાછલ ઈમામુઝ્ઝમાનની હિકમત જલીલ-તરમાં જલીલ-તર ઈલ્મ છે. **આ હુદૂદ ખુદાતઆલાની ઝબાનોની હિફાઝત કરે છે.** આ ઝબાનોથી મુખ્તલિફ ઈલ્મો આ જહાનમાં ઝિંદા રહે છે. હર ઝમાનના આલિમો આ ઝબાનોના સબબ તરહ-તરહના ઈલ્મોથી સૈરાબ થાય છે.

જે શખ્સે મુમિન ઈમામુઝ્ઝમાન (અ.સ.) ને નઝદીક અને આપના હુદૂદની મદદથી આ અહમ ઈલ્મોની માઅરેફત કરી લે, તો એ એક શાગિર્દ (મહેદૂદ) બની જાય છે અને એના ઉસ્તાઝ-ઈલ્મની માઅરેફત કરાવીને તેને પઢાવનાર, એના વાસ્તે ઊંચા હદ બની જાય છે. હરએક હદ એના મહેદૂદ વાસ્તે જન્નતના **રૌઝહ-બાગાત** બની જાય છે, કેમકે, એ જાણે છે કે હાસિલ કીધેલા ઈલ્મને કઇ તરહ સહી તૌર થી અમલી જામો પહેરાવવો. જો કોઈ મુમિને મહેદૂદ આમ કરે તો **એને ઇલ્મનો હક્ક અદા કીધો કહેવાય.** જે કોઈ પોતાના હદના તાઅલીમને ખિલાફ જાય, નાફરમાની અને તકબ્બુરી કરે, પોતાની ઝાતને હદ કરતા ઊંચો સમઝે, તો એ હદ એના વાસ્તે જહન્નમનો **શોઅલાઝન ખાડો** બની જાય છે.

આ જ સબબ છે કે, મુમેનીન, દાઈયુઝ્ઝમાન (ત.ઉ.શ.) જે તેઓના આઅલા હદ છે, એમની ઈતાઅત કરે, હર અમરને કલ્બો ઝમીરથી કુબૂલ કરે, તો જ તેઓને ઈલ્મી ફાયદો હાસિલ થઈ શકે છે. ✯

---

ક્યૂંકર હો નાઅત સરવરે આલી જનાબ કી,
ઝર્રે સે મદદ ક્યા હો ભલા આફતાબ કી,
નઝરે ખુદા મેં આપ કી હે ઝાતે મુસ્તફા,
વો શાન હે હમારે રિસાલત-મઆબ કી.

**બાવુઝૂ ખૈર કામ વાસ્તે પહેરેલો લિબાસ પાકીઝા હોય છે.**

## નિકાહ કરવું હરામ છે.

શરીઅતે મોહંમદીયહમાં બૈરાઓના હુકૂકની ખાસ તૌર પર હિફાઝત કરવામાં આવી છે. બૈરાઓ સાથૈ હુસ્ને મુઆશેરહ, હુસ્ને સુલૂક અને બહેતરીન વરતાવનો હુકમ કરવામાં આવો છે. જાહેલીયતના ઝમાનામાં એ બદ રસમ હતી કે, કોઈ મરદ એના બૈરોને મુકીને મરી જાતો તો એનો મતરાયો દીકરો યા ઔર કોઈ વારિસ એ બેવા બૈરો પર કપડું નાખીને કહેતો કે, જે મૈયેતના માલનો હું વારિસ છું, તેમ આ બૈરાનો પણ વારિસ છું અને આમ કહી એ બૈરો સાથે કોઈ મહેર આપા બગૈર નિકાહ કરી લેતો.

એવું પણ બનતું કે, કોઈ બેવા બૈરો કે જે ખૂબ માલદાર હોય એને એના ઘરવાલા બીજા નિકાહ કરવાથી મનાઅ કરતા-રોકતા, જેથી એ બૈરોના મૌત બાદ તેઓ એના કુલ માલના વારિસ બની જાય અને હર મિલ્કીયતના કબ્ઝેદાર થઈ જાય. એવું પણ બનતું કે, કોઈ નિકાહશુદા બૈરો કે જેનાથી એના મરદ યા એના ઘરવાલાનું ના બને, ઝઘડા થાયા કરે, બેહદ નફરત થઈ જાય, મગર એને મહેર આપી ચુકા હોય, તો તમામ એ બૈરો સાથે સખ્તીથી, બદઅખ્લાકીથી પૈશ આવતા. એને એવા તંગ કરતા કે, એ બૈરો ગભરાઈને મહેર પાછી આપી દે અને ખુદ-બ-ખુદ તલાક લેવાની ખ્વાહિશ કરે.

આ તરહના જાહેલીયતના અહકામ દીને ઈસ્લામમાં સખ્તીથી મનાઅ કરવામાં આવા છે. કોઈ અફીફહ, તાહેરહ, સાદેકહ, ઝાહેદહ બૈરો સાથે નિકાહ કરવા એ રસૂલુલ્લાહ બાવાજીની સુન્નતે મોઅક્કદહ છે. કોઈ મરદ ઉઝુર બગૈર આમને આમ તન્હા ઝિંદગી ના ગુઝારે. મગર કોઈ પરહૈઝગાર બૈરો સાથે નિકાહ કરી ઘરમાં લાવીને ઉમ્દા તરીકાથી પોતાનો ગુઝર-બસર કરીને ઈમાનને કામિલ બનાવે.

શરીઅતના લેહાઝથી ૧૫ એવા બૈરાઓ છે કે, જેનાથી કોઈ શખ્સ નિકાહ કરી શકતો નથી. આમા ૭ ખૂનના રિશ્તેદારો છે અને ૮ તેને સિવાયના છે. યાઅની નસબી બૈરાઓ ૭ છે અને ગૈર નસબી બૈરાઓ ૮ છે.

**જે નસબી બૈરાઓ છે તે આ મુજબ છે :**

(૧) માઁ (૨) દીકરી (૩) બહેન (૪) ફોઈ (૫) માસી (૬) ભત્રીજી (૭) ભાંજી.

**જે ગૈર-નસબી બૈરાઓ છે તે આ મુજબ છે :**

(૧) દૂધના માઁ (૨) દૂધની બહેન (૩) સાસૂ (૪) બૈરોની દીકરી કે જે આગલા મરદથી હોય. શરત એ છે કે, એ બૈરો સાથે હાલના મરદે ઝેફાફ (બંધ કમ્રામાં શબ-બસરી) કીધું હોય તો જ એની દીકરી એના મરદ વાસ્તે હરામ થાય.
(૫) દીકરાની બૈરો (૬) બાવાજીના બૈરો (૭) એના બૈરો સાથે એની બહેન-સાલી, માસી યા ફોઈ (૮) એ બૈરો કે જે બીજા મરદના નિકાહમાં હોય યાઅની શાદીશુદા હોય, મોહસેનહ હોય.

ઉપર મઝકૂર તમામ બૈરાઓ સિવાય કોઈ મુમિન બીજા કોઈ બૈરો સાથે નિકાહ કરી શકે છે. **મહેર આપવી ઝરૂરી છે જેથી એ બૈરોની ઇઝ્ઝતો ઇફ્ફત મહેફૂઝ થઇ જાય.** મહેર બગૈર કોઈ નિકાહ જાઈઝ નથી. પછી એ નિકાહ નથી મગર ઝિના છે, બદમસ્તી છે અને બૈરો પર ઝુલ્મ છે, બેશરમી છે. કોઈ બૈરોથી ફાયદો તે જ વક્ત લઈ શકાય કે, એની ખુશી મુજબ એને મહેર અદા કરવામાં આવી હોય અને આ શરીઅત મુજબ ફરઝ છે, લાઝિમ છે. ✯

---

(પેજ નં. ૧૧ નું બાકી)

એક વક્ત એક કુરૈશી એના બીમાર ઊંટને પત્થર પાસ લઈ ગયો કે, ફૌરન તે ઊંટ પત્થરને જોઈને નાસી ગયો. તે વક્ત કુરૈશી બોલો કે, હું સઅદ સખ્રહ પાસે આવો કે, હું હમારી જમાઅતને એકઠી કરૂં મગર આ પત્થરે તો હમને જુદા કરી દીદા. હમેં હવે સઈદ ના રહ્યા. આ કિવો પત્થર કે જે ના અચ્છાઈને ના બુરાઈને સમઝે!

આ કુરૈશી બદઅમલ હમને એ તરફ ઈશારો કરે છે કે, પત્થરો, દરખ્તો, સિતારા, નદીઓ, જાનવરો કરતા પણ ઝિયાદહ ખરાબ છે તેઓ કે અક્લવાલા હોવા છતા અક્લ બગૈરની મખ્લૂક સામે સરને ઝુકાવે છે. ✯

**બગૈર ગરઝની માંગેલી દોઆ પાકીઝા હોય છે.**

## નૌહા
## દર હાલે ખત્મુલ મુરસલીન (સ.અ.વ.વ.)

દિલ ગમ સે ચાક-ચાક જો અહલે અઝા કા હે,
યે દિન વફાતે અહમદે ખૈરૂલ વરા કા હે,
આતી હે હર તરફ સે સદા વા મુસીબતા,
ગુલ અબ તો હર જગા સે હી વા મુસ્તફા કા હે.
ઉમ્મત પે જિસને અપને નવાસે ફિદા કીએ,
માતમ યે આજ હાય ઉસી પેશવા કા હે.
મહેશર બપા હે આજ સરાસર મદીને મેં,
રોઝે વફાત, શાફેએ રોઝે જઝા કા હે.
ચર્ખો ઝમીં પે ધૂમ હે ફરયાદો આહ કી,
દુનિયા સે કૂચ સરવરે અરઝો સમા કા હે.
બેટી સે કોઈ પૂછે બિછડને કો બાપ કે,
હિજરે પિદર મેં હાલ અજબ ફાતેમા કા હે.
સર પીટ-પીટ રોતેં હૈં હસનૈન બાર-બાર,
માતમ મેં સર ખુલા હુવા હર મહેલેકા કા હે.
ગુસ્લો કફન મેં આહ ન કોઈ હુવા શરીક,
આગાઝ યે મુસીબતે કરબો બલા કા હે.
ઉઠ્ઠે નબી જહાન સે સર પીટો મુમિનો,
હાઁ, રોઓ ! વક્ત ગિરયઓ આહો બુકા કા હે.
તાબૂત સે લિપટ કે કહો, વા મોહંમદા,
દીદાર આખરી યે હબીબે ખુદા કા હે.
રો-રો કે સબ બતૂલ કો પુરસા દો બાબા કા,
દિન ઈન્તેકાલે સાહેબે તાજો લિવા કા હે. ✯

## ૬૭ મી મીલાદે હાતિમી

હાતેમુલ ખયરાત, રબીઉલ બરકાત, જપમાં દાઈએ મુત્લક આકા મૌલા **સૈયેદના ડૉ. હાતિમ ઝકીયુદ્દીન સાહેબ (ત.ઉ.શ.)** ને આપની **૬૭ મી** મીલાદે મયમૂન મુબારક થાય. અલ્લાહતઆલા આપની ઉમ્રે મુનીરને સેહતયાબી સાથે દરાઝ-દરાઝ કરે અને આપનો ઝિલ્લે ઝલીલ મુમેનીનના સરો પર હમેશા-હમેશા બાકી રહે. ✯

**બરદાશ્ત કરવું તે ઐબોની કબર છે. યાઅની કે જલ્દબાઝી કરવાથી ઐબ-ખોડ ઝાહિર થઈ જાય છે મગર સબર કરવાથી ઐબ ઢંકાઈ જાય છે. સબર, ઐબને છુપાવવાની કબર છે. કબર કરોડો ઐબદારોના ગુનાહોને પોતાના સીનામાં છુપાવી ચુકી છે.**

**નોંધ :** મુમેનીનના ઘરોમાં અસ-સહીફતુલ અલવીયહ, અસ્હાબુલ યમીન, કિતાબુલ વસાયા, અલવી અકીદાઓની કિતાબ અને **A Neo-Fatemid Treasury of Books (Olly Akkerman)** કિતાબો હોવી ખૂબ ઝરૂરી છે કે જેની તફતીશ મીસાક યા નિકાહની અરઝ પહેલા કરવામાં આવશે. ✯

**અકીદા, અમલ, દોઆ, ફાઝિલ દિન-રાત, રસમ વગૈરા વાસ્તે મુમેનીન " અસ-સહીફતુત તૈયેબીયાહ " ને દેવડી પરથી હાસિલ કરીને ગૌરથી પઢે.**

**સાલાના લવાઝેમાત (Yearly Subscription)**
**₹ ૧૦૦/-**
શહરૂલ્લાહમાં વાજેબાતની અદાયેગી વક્તે આપવું.
મેનેજર :- **શૈખ ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**
નાઝ બોક્ષવાલાના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા,
વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૯૯૦૪૨૨૧૦૯૦.